Research Guru
Online Journal of Multidisciplinary Subjects (ISSN : 2349-266X)
www.researchguru.net
Volume-16, Issue-4, March-2023

# ગુજરાતી કવિતામાં ગાંધી

**ડૉ.એ.એ.શેખ**
(સરકારી વિનયન અને વાણિજ્ય કૉલેજ, જાદર)

ગાંધીજીનું વ્યક્તિત્વ વિરલ હતું. ગુજરાતનો આ પનોતો પુત્ર આખાય વિશ્વને પ્રભાવિત કરી ગયો. મહાકાવ્યનો નાયક બની શકે એવું તેઓ જીવ્યા. એટલે જ ભારતીય સાહિત્યના સર્જકોએ ગાંધીને વિષયરૂપે આલેખ્યા છે.

ગુજરાતી કવિતાસાહિત્યમાં પણ ગાંધીજી વિશે લખાયેલા કાવ્યોની એક પરંપરા છે. ગુજરાતી સાહિત્યમાં પંડિત યુગના કવિઓમાં ગાંધીજીને પ્રથમ કાવ્યવિષય બનાવનાર લલિતજી હતા. હિન્દભરમાં સૌથી પહેલું ગાંધીગીત ૧૮/૧૨/૧૯૧૩ ના રોજ લલિતજી (જન્મશંકર.મ.બુચ) પાસેથી મળે છે.

"ગાંધી તું હો સુકાની રે, સાચો હિંદવાન!"

ભારતમાં ગાંધીજી સક્રિય બન્યા તે પહેલાં કવિઓ એમને કર્ણધાર માન્યા છે. લલિતજી ગાંધીના ગુણગાન ગાતા અન્ય કાવ્યમાં કહે છે-

"ગુણઘેલા તું ગાંધી! રે
ઉદાર, અગ્નિદેવ સમા!
સ્વદેશ સાંકળ સાંધી રે"

બોટાદકર ૧૯૧૮માં "સૌરાષ્ટ્ર" કાવ્યમાં ગાંધીને સત્કર્મવીર, વિશ્વહિતાર્થે, તપસ્વી,યશસ્વી તરીકે ઓળખાવે છે:

"સત્યાગ્રહી, અચલ, ઉજ્જવલની યશસ્વી,
સત્કર્મવીર, સુરતેજભર્યો, તપસ્વી,
ધૂમી રહ્યો કમર વિશ્વહિતાર્થે બાંધી,
જેનો સુપુત્ર જનતાપિતદેહ ગાંધી."

ગાંધીજી મહાત્મા તરીકે ઓળખાયા તે પહેલા કર્મવીર તરીકે ઓળખાતા હતા. ચંદ્રશંકર પંડ્યા એ "ગાંધીજીને ચરણે," કેશવ શેઠે "સ્વદેશગીતાવલી " જેવા કાવ્યોમાં નિરાશ થયેલી ભારતીય પ્રજાને ગાંધી આશા જગાવી હોવાનું આલેખ્યું છે. આ સમયગાળામાં ન્હાનાલાલ પાસેથી ગાંધી વિષયક ઉત્તમ કૃતિ "ગુજરાતનો તપસ્વી" મળી છે. તેમણે ગાંધીજીને યુગપુરુષ કહી બિરદાવ્યા છે.

ગાંધીયુગના કવિઓ ગાંધીજીને બુદ્ધ-ઇસુ જેવું અવતાર કાર્ય કરવા જન્મ્યા હોવાના ભાવથી આલેખે છે. સ્નેહરશ્મિ, મેઘાણી, સુન્દરમ, ઉમાશંકર જોષી, કરસનદાસ માણેક, સુંદરજી જેવા કવિઓ સમયની દ્રષ્ટિએ ગાંધીજીથી ખૂબ જ નિકટ હતા. ગાંધીદર્શન તથા ગાંધીજીના નેતૃત્વ નીચે લડાતી આઝાદીની લડતના રંગે આ કવિઓ પણ પૂરેપૂરા રંગાયા હતા. ૧૯૩૭માં ઉમાશંકર જોષીએ "ગાંધી કાવ્યસંગ્રહ" શીર્ષક આવા કાવ્યો પ્રકાશિત પણ કર્યા હતા. આ કાવ્યમાં મેઘાણીનું "છેલ્લો કટોરો" કાવ્ય સુપ્રસિદ્ધ છે. ૧૯૩૧માં ગોળમેજી પરિષદમાં હાજરી આપવા ગાંધીજી ઇંગ્લેન્ડ જતા હતા ત્યારે મેઘાણીએ આ કાવ્ય રચ્યું હતું .અહીં મેઘાણી કહે છે :

"છેલ્લો કટોરો ઝેરનો આ : પી જજો બાપુ!
સાગર પીનારા ! અંજલિ નવ ઘોળજો બાપુ!

ગાંધીજીએ દેશની આઝાદી તો અપાવી પરંતુ હિન્દુસ્તાન બે ભાગમાં વહેંચાયું. પરિણામે કોમી રમખાણો થયા .અંતે એક ભારતીયની હાથે જ ગાંધી ગોળીએ વીંધાયા . ગાંધી હત્યાનો આ દિવસ ભારતીય પ્રજા માટે કલંકરૂપ સાબિત થયો. ગાંધીજીની શાહાદત અનેક કવિઓએ રચનામાં વિષયરૂપે આવી છે. શ્રીધરાણી "આઠમો દિલ્હી"માં ગાંધીના મૃત્યુના આઘાતને પ્રેરેલા શોકના ભાવ રજૂ કર્યા છે. ગાંધીજીનું મૃત્યુ મનુષ્ય જાતિ ઉપરનું એક કલંક છે. એમના મૃત્યુથી પ્રજા જીવન અત્યંત દીન બન્યું. ભારતને બંધુતા ના પાઠો શીખવવા માટે ગાંધીને મરવું પડે એ કડવી વાસ્તવિકતા અનેક કાવ્યોનો વિષય બને છે. ગાંધીના મુત્યુના આઘાતને આલેખતા અનેક કાવ્ય મળ્યા છે .જેવા કે." રડો ન મુજ મૃત્યુને" ઉમાશંકર જોશી ,"હરિનો હંસલો" બાલમુકુન્દ

દવે," અહો ગાંધી ' સુંદરમ, "વિજય મનાવ્યો" મનસુખલાલ ,"બાપુ" મીનુ દેસાઇ જેવાં કરુણ પ્રશાસિત કાવ્ય નોંધપાત્ર છે. કેટલીક કાવ્યપંક્તિઓ જોઈએ :

"કોણે રે દૂભ્યો ને કોણે રે વીંધીયો ?
કલંકીએ કોણે કીધા ઘા ?
કોણે રે અપરાધી માનવજાતને!
જેને સુઝી અવળી મત આ ?
રુધિરે રંગાયો હરિનો હંસલો!"

-બાલમુકુંદ દવે

"અમે ન રડીએ પિતા, મરણ આપનું પાવન,
કલંકમય દૈત્યનું નિજ રડી રહ્યા જીવન"

-ઉમાશંકર જોશી

ગાંધીના મૃત્યુ પછી ગાંધીના આદર્શો ભૂલાતા ગયા. ગાંધી મૂલ્યો વિસરતા ગયા. જેની વંદના આલેખતી રચનાઓ પણ ગુજરાતી કવિઓની કલમે સાંપડી છે ,જેમ કે-

"આટલા ફૂલો નીચે ને આટલો લાંબો સમય
ગાંધી કદી સૂતો ન 'તો'

-હસમુખ પાઠક

"આજ બાપુનો જન્મદિન
જ્યારથી સરકાર પાળે છે રજા
ત્યારથી કેમેય ભૂલાતો નથી
વાંચશું થોડા ગીતાના શ્લોક?
"વોઇસ ઓફ ઇન્ડિયા" જોવા જેવું છે,
ક્યાં સમય રહેશે?

ને ઉપવાસ?
ના રે એમ દુભવ્યે જીવ
બાપુ તે કદી રાજી રહે?
રાજઘાટ જશું ?
ચલો, સુંદર જગા છે
ટહેલ શું થોડું
અને બે ફુલ બાપુની સમાધિ પર મૂકી
કર્તવ્ય નિષ્ઠા તો બતાવીશું.
ક્યાં બિચારાએ સહન થોડું કર્યું,
બે ફૂલોનો તો હક અદા કરવો ઘટે."

-હરીન્દ્ર દવે

આમ, ગાંધીજી વિશે દેશ અને દુનિયામાં અઢળક કાવ્યો રચાયા છે .કારણકે ગાંધી વ્યક્તિ નહીં, વિભૂતિ હતા. પરંતુ આજે ગાંધીજી દિવસે દિવસે આપણા સૌના જીવનમાંથી કેટલી હદે નહિવત થતા જાય છે. એ દુઃખની વાત છે .રાજકીય નેતાઓ ગાંધીજીનું નામ વટલાવે જાય છે. ખમીરવંતી ભારતીય પ્રજા ગુજરાતી પ્રજા ગાંધીને અપમાન કરવા ને ગોડસેની પૂજામાં જોતરાઈ છે. તે ગાંધીની ભૂલો શોધવા નીકળી પડેલી આ પ્રજાને આઝાદી અપાવનાર આ રાષ્ટ્રપિતાને ગોળી દેનારની વાહ વાહ કરવામાં રસ પડયો છે. કેટલી હદે માનવતા મરી પરવારી છે. એનું આ ઉત્તમ ઉદાહરણ છે. ત્યારે આપણને વિખ્યાત વિજ્ઞાની આઈન્સ્ટાઈને કહેલુ વાક્ય યાદ આવે છે : "ભવિષ્યની પેઢીઓ માની શકશે નહીં કે હાડ-માંસનો જ બનેલો આવો કોઇ પુરુષ આ ધરતી પર વિચર્યો હશે."